Criminal case no 2038/2019

ક્રીમીનલ કેસ નંબર ૨૦૩૮/૧૯

:: **આંક:૧ લગત હુકમ** ::

(૧) હાલના કેસમાં ફરીયાદીએ નેગો.ઈ.એ.કલમ:૧૩૮ અન્વયે આરોપી ઉપર ફરીયાદ દાખલ કરેલ છે. આ ફરીયાદ અરજી ફરીયાદી દ્રારા તારીખ ૧૪.૦૩.૨૦૧૯ના રોજ દાખલ કરવામા આવેલ છે.

(૨) આ કામે રેકર્ડ જોતાં આ કામે પ્લી આંક–૦૬ નોંધ્યા બાદ થી આ કામે આરોપીએ કટકે કટકે અમુક રકમ જમા કરાવેલ છે. જેમા નીયમીત ના રહેતા ફરીયાદી તરફે તેમના વીરુધ્ધ વોરંટ પણ ઈસ્યુ કરાવેલ છે.આમ આ કામ વોરંટ બજવણી તથા ફરીયાદીના પુરાવા માટે મુલત્વી રહેલ હતુ.આ કામે ફરીયાદી પણ પાછળના તબકકે ગેરહાજર રહેતા તેમને પણ તારીખ ૨૮.૧૧.૨૩ના રોજકામ મા સદર ફરીયાદીને નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ થયેલ હતો. આ કામે ફરીયાદી તથા આરોપી એક બાદ એક ગેરહાજર રહેતા હોય,આ કામ વીલંબ મા પડેલ છે. આ કામે ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપી નો હકક તારીખ તારીખ ૧૧.૦૪.૨૫ ના રોજ બંધ કરવામા આવ્યા બાદથી અને વાદી તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયા બાદથી આ કામ આરોપીના વીશેષ નીવેદન પર લેવામા આવેલ છે જેમા પણ પાચ મુદતો સુધી નો સમય વ્યતીત થયેલ છે આ કામે આરોપી ગેરહાજર હોય તેમના વીરુધ્ધ વોરંટ બજવણી હેતુ છેલ્લી ચાર મુદતોથી ફરીયાદી જાતે માહીતગાર વકીલશ્રી દ્રારા હાજર રહેલ નથી કે કોઈ પ્રયત્ન પણ બજવણી હેતુ કરાવેલ નથી.આમ, રેકર્ડ ચકાસતા ન તો આ કામે ફરીયાદી જાતે હાજર રહેલ છે , નાતો આ કામે આગળની કાર્યવાહી કરેલ છે. આ કામે આરોપી સતત ગેરહાજર રહેલ છે પરંતુ આજદીન સુધી સદર કેસ ફરીયાદીની કસુરના કારણે મૃતપાય અવસ્થામાં પડી રહેલો છે.

(૩) વધુમાં ફરીયાદ પક્ષે આજદીન સુધી આ કેસમાં કોઈ જ રસ પણ દાખવેલો નથી કે આ કામના આરોપી પાસેથી બાકી રહેતી રકમ લેવા હેતુપણ કોઈ જ પ્રયત્ન આજદીન સુધી કરેલા નથી. આમ ફરીયાદીના કસુરના કારણે સદર કેસ એક જ તબકકે પડી રહેલ છે. અને તેમા લેશમાત્ર પ્રગતિ થયેલ નથી. અને આજ રીતે તેને વધુ સમય મુકી રાખવામાં આવે તો તેનો કોઈ જ અર્થ સરે તેમ નથી અને બીન જરૂરી અદાલતની કામગીરી વધે તેમ છે.

(૪) સદર કેસનું રેકર્ડ જોતાં આ કામના ફરીયાદી લાંબા સમયથી હાજર રહેતા ન હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૫) આમ ન્યાયનાહિતમાં કોઈપણ પ્રકારના મુદત રીપોર્ટ કે રજુઆત વિના ફરીયાદીને

અનેકાનેક તકો મળેલ હોવા છતાં આજરોજ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા નથી કે કોઈ રીપોર્ટ કે રજુઆત કરેલ નથી. આમ ફરીયાદીને આ ફરીયાદ અંગે કોઈ જ ગંભિરતા નથી. અને તેમને રસ હોય તેમ પણ જણાઈ આવતું નથી. નહી તો રૂ. ૪૪,૮૯૨ જેટલી લેણી રકમ હોવા છતા, ફરીયાદી આજદીન સુધી શા માટે નિષ્ક્રીય રહેત ? સદર પ્રશ્ન આજે પણ નિરૂતર છે. અને આવા સમયે જયારે દેખીતી રીતે કોર્ટ પ્રોસીજરનો દુરપયોગ થયાનુ જણાતુ હોય તયારે કોઈ પણ પક્ષને ન્યાયના હીતમા વધુ સમય આપી શકાય નહી.આ કામે રેકર્ડ પર ફરીયાદીને એક તા. ૨૪.૨.૨૩ ના રોજ રૂા.૧૫,૦૦૦/– તથા તા ૨૮.૬.૨૩ ના રોજ રૂ।૨૦,૦૦૦/– ચુકવાયેલ હોવાની વીગતો છે પરંતુ તેની રેકર્ડ પર કોઈ ખરાઈ કે પહોચ મળી આવેલ ના હોય, બનવા જોગ છે કે આ રકમ ફરીયાદીને પુરેપુરી મળી ગયેલ હોવાથી પણ ગેરહાજર રહેલ હોય.

(૭) આમ સદર કેસમાં ફરીયાદી કોર્ટમાં હાજર રહેતા ન હોય કે આગળની કાર્યવાહી કરવાપણ હાજર રહેતા ના હોય, તથા તેમને હાલના કેસમાં રસ ન હોય અને **<u>આ કેસ સને ૨૦૧૯મા દાખલ થયેલ ૦૬ વર્ષ જુની મેટર હોય,</u>**હાલની ફરીયાદ તેમની આ પ્રકારની નિરસતા, નિષ્ક્રીયતા, બેદરકારીના કારણે હાલની ફરીયાદ ફરીયાદ પક્ષે ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુશન કાઢી નાંખવા પાત્ર જણાતી હોય ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

## <u>હુકમ</u>

ફરીયાદીની સદરહું ખાનગી ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે તથા ફરીયાદીની નિરસતા અને નિષ્ક્રીયતાને કારણે કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧–૦૮–૨૦૨૫ (એફ.એન.સોલંકી)
ગાંધીનગર. ત્રીજા અધિક સીવીલ જજ અને જે.એમ.એફ.સી–ગાંધીનગર
(જજ કોડ–જીજે.૦૧૫૫૨)